# ઔદ્યોગિક અદાલત નં.૧ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

રેફરન્સ(આઈ.ટી.)નં.૧૧/૨૦૧૨

::– આંક–૨૪૯ ની અરજી નીચે હુકમ –::

(૧) પ્રથમ પક્ષકાર તરફેની હાલની અરજીમાં જણાવેલ છે કે, " આ કામમાં બીજા પક્ષકાર તરફે દેવાંગ ગુણવંતભાઈ પટેલની જુબાની રજુ કરવામાં આવેલ છે અને તેમાં આંક–૨૪૧/૧ થી ૨૪૧/૧૩ ના દસ્તાવેજો તથા આંક–૧૩૪/૪, ૨૧૯/૧ તથા ૨૧૯/૨ તથા ૪૧/૧ થી રજુ થયેલા દસ્તાવેજો પુરવાર કરવામાં આવેલ છે. જેથી સદરહુ દસ્તાવેજોને પાકો આંક આપવાની ન્યાયના હિતમાં જરૂર છે. સબબ ઉપર જણાવેલ દસ્તાવેજોને પાકો આંક આપવા મહેરબાની કરશોજી."

(૨) બીજા પક્ષકાર તરફેના જવાબમાં જણાવેલ છે કે, " સદર કેસના પ્રથમ પક્ષનાએ સદરહું અરજી કયાં કાયદા હેઠળ કઈ જોગવાઈઓ હેઠળ કરી છે, તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી અને પ્રથમ પક્ષનાની સમગ્ર અરજી અસ્પષ્ટ હોવાથી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે અને હાલમાં આવી અરજી આપી બીજા પક્ષનાના કામદારોને હેરાન–પરેશાન કરવા માટે અને વર્ષો સુધી કામદારો કેસ લડતો રહે તે માટે આવી અરજી આપેલ છે, જો આવી પરવાનગી પ્રથમ પક્ષનાને આપવામાં આવે તો અમોને ઘણું નુકશાન જાય તેમ છે, જેથી પ્રથમ પક્ષનાની આંક–૨૪૯ ની દસ્તાવેજોને પાકો આંક આપવાની અરજી રદ કરતો ન્યાયના હિતમાં યોગ્ય હુકમ ફરમાવશોજી. જો પહેલા પક્ષનાની સદર અરજી મંજુર કરવામાં આવે તો તેવા વિવાદી દસ્તાવેજો સંબંધી ફરીથી વધુ જુબાની બીજા પક્ષનાની લેવી પડે તથા સાક્ષીઓ તપાસવા પડે જેથી બીજા અનેક વર્ષો પસાર થઈ જાય અને અમો બીજા પક્ષના ગરીબ કામદાર હોય તથા સુરત જીલ્લાના ખૂબ દૂરના ગામડાથી આવતા હોય અમોને પારાવાર ત્રાસ આપવા અને કેસથી નિરાશ થઈ જઈએ ત્યાં સુધી ધકકો ખવડાવવા પ્રથમ પક્ષનાએ આવી અરજી આપી હોય

જે સાબિત થાય છે. તેથી પણ આ અરજી ઘણાં બધા કારણોસર દેખીતી રીતે અપ્રમાણિક હેતુસરની માલેફાઈડ સ્વરૂપની, ખોટી, અન્યાયી અને ગેરકાયદેસર હોય બદલા સ્વરૂપના ઉંચા એકઝમ્પ્લરી કોસ્ટના હુકમ સાથે ન્યાયના હિતમાં રદ કરશોજી."

(૩) પ્રથમ પક્ષકાર તરફે એવી દલીલ છે કે, અરજીમાં જણાવેલ દસ્તાવેજો પુરવાર કરવામાં આવેલ છે. આ દસ્તાવેજો અંગે પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪૮ થી રજુ થયેલ સરતપાસના સોગંદનામામાં જણાવવામાં આવેલ છે. અમુક દસ્તાવેજોમાં કામદારોની સહીઓ છે. આ દસ્તાવેજો પુરાવા અધિનિયમ મુજબ પુરવાર કરવામાં આવેલ છે. જેથી સદર દસ્તાવેજોને આંક આપવા વિનંતી છે.

(૪) બીજા પક્ષકાર તરફે એવી દલીલ છે કે, હાલની અરજીમાં આંક આપવા જણાવેલ તમામ દસ્તાવેજો ઝેરોક્ષ નકલો છે. આ કામે કામદારની ઉલટતપાસ થયા બાદ રજુ કરવામાં આવેલ છે. આ દસ્તાવેજો પુરવાર કરેલ નથી. હાલની અરજીમાં કોઈ વિગત દર્શાવેલી નથી. જેથી અરજી રદ કરવા વિનંતી છે.

(૫) પ્રથમ પક્ષકાર તરફેની હાલની અરજી નિ.૨૪૧/૧ થી ૨૪૧/૧૩ વાળા તથા નિ.૧૩૪/૪, નિ.૨૧૯/૧, નિ.૨૧૯/૨ તથા નિ.૪૧/૧ વાળા દસ્તાવેજોને આંક આપવા માટેની છે અને અરજીમાં આ દસ્તાવેજો પુરવાર કરવામાં આવેલ છે તેવી હકીકત જણાવેલ છે. નિ.૪૧/૧ થી રેફરન્સ (આઈ.ટી.) નં.૨૨/૨૦૦૫ ના કામની નકલો રજુ કરેલ છે. નિ.૧૩૪/૪ થી કામદારો અને સંસ્થા વચ્ચેના ૨(પી) ના કરારની નકલ રજુ કરેલ છે. નિ.૨૧૯/૧ અને ૨૧૯/૨ થી ૨(પી) ના કરારની નકલો રજુ કરેલ છે. નિ.૨૪૧/૧ થી ૨૪૧/૩ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના નોંધણી પ્રમાણપત્રની ઝેરોક્ષ, નોંધણી સર્ટીફીકેટની ઝેરોક્ષ તથા મેમોરેન્ડમ ઓફ એસોસીએશનની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિ.૨૪૧/૪ થી ૨૪૧/૮ થી હિસાબી વર્ષ ૨૦૦૯–૨૦૧૦ થી ૨૦૧૩–૨૦૧૪ ના છપાવવામાં આવેલ વાર્ષિક

અહેવાલો છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪૮ થી દેવાંગ ગુણવંતભાઈ પટેલની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં તેઓએ ૨૦૧૩ થી ૨૦૨૪ સુધી પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવેલ હોવાનું અને હોસ્પિટલના રેકર્ડમાં રાખવામાં આવેલ હાલના રેફરન્સના રેકર્ડ ઉપરથી જુબાની આપેલ હોવાનું જણાવેલ છે. આ સાહેદની બીજા પક્ષકાર તરફે ઉલટતપાસ થવાની બાકી છે. આ તમામ હકીકતો તથા રેકર્ડ ધ્યાને લેતાં હાલની અરજીમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાને ટેન્ટેટીવ આંક આપવા યોગ્ય અને ન્યાયોચિત જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: <u>હુકમ</u> ::–

પ્રથમ પક્ષકારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે અને નિ.૪૧/૧, નિ.૧૩૪/૪, નિ.૨૧૯/૧, નિ.૨૧૯/૨ તથા નિ.૨૪૧/૧ થી ૨૪૧/૧૩ વાળા દસ્તાવેજોને ટેન્ટેટીવ આંક આપવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૨૩/૦૨/૨૦૨૬
મુ.સુરત.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૧, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

(સ્ટેનોઃ– એસ.જી.ચૌધરી)